## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તને તરડા આવડતું હોય તો ગાંધીનગરથી બસમાં બેસી અમદાવાદ મારા ઘરે પહોંચી જા.....

# ખેલ મહાકુંભમાં વિજેતા થયેલા ખેલાડીઓને પ્રમાણપત્ર મેળવવા જોગ

ગાંધીનગર

જિલ્લા વહિવટી તંત્ર, ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેલમહાકુંભમાં શાળા/ ગ્રામ્ય/ તાલુકા/ ઝોન/ જિલ્લા/ મહાનગરપાલિકા/ ઝોન (ટીમ રમત) તથા રાજ્યકક્ષાની સ્પર્ધાનું તા:૧૮/૦૨/૨૦૨૨ થી તા:૨૯/૦૫/૨૦૨૨ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. ખેલમહાકુંભ-૨૦૨૧-૨૨ જીલ્લા/મહાનગરપાલિકાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય (વ્યક્તિગત તથા ટીમ રમતો)માં જે વિજેતા થયેલ છે તેવા વિજેતા ખેલાડીઓએ પ્રમાણપત્ર અત્રેની કચેરીએથી તા:.૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, 'સી' વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતેથી રૂબરૂ મેળવી લેવાના રહેશે . જેની જવાબદારી સબંધિત વિજેતા ખેલાડી/ટીમ/શાળા/સંસ્થાની રહેશે જેની ખાસ નોંધ લેવા જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# શહેરના નિવૃત કર્મચારીઓને પેન્શન કચેરીએ કાર્યવાહી માટે ધરમધક્કા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ સ્થિત સહયોગ સંકુલ ખાતે આવેલી પેન્શન વિભાગની કચેરી ખાતે નિવૃત કર્મચારીઓને પેન્શનની કાર્યવાહી માટે ધરમધક્કા ખાવાનો વારો આવતો હતો. પેન્શન કચેરી દ્વારા માત્ર ૧૦ જ ટોકન આપવામાં આવતા નિવૃત કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. ત્યારે ટોકન માટે પેન્શન વિભાગના કર્મચારીઓ અને નિવૃત કર્મચારીઓ વચ્ચે રકઝકના બનાવ પણ જોવા મળ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરની સરકારી કચેરીઓમાં વિવિધ વિભાગમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ વય નિવૃત થયા છે. ત્યારે અધિકારી-કર્મચારીઓએ વય નિવૃતી બાદ પેન્શનના જરુરી કાગળો સેકટર-૧૧ સહયોગ સંકુલ ખાતે આવેલી પેન્શન કચેરી ખાતે આપવાના હોય છે. તે ઉપરાંત જરુરી ફોર્મ પણ નિવૃત કર્મચારીઓને ભરવાના હોય છે. ત્યારે પેન્શન ઓફિસ ખુલે તે પહેલા જ અંદાજીત ૩૦ થી ૪૦ કર્મચારીઓ પેન્શનના કાગળો કરવા માટે આવેલા હોય છે. પરંતુ આ કચેરીમાં ટોકન સિસ્ટમ ચાલતી હોવાનું નિવૃત કર્મચારીઓ જણાવી રહ્યા છે. માત્ર ૧૦ જ ટોકન કચેરી દ્વારા આપવામાં આવે છે. ત્યારબાદ અન્ય કર્મચારીઓને બીજા દિવસે આવવા માટે જણાવવામાં આવે છે. પરંતુ નિયત સમય પહેલા કર્મચારી પહોંચી જાય તો પણ ટોકન પુરા થઈ ગયા હોવાનો જવાબ સાંભળવા મળે છે. જેથી નિવૃત અધિકારી-કર્મચારીઓને પેન્શન ના જરુરી કાગળો કરવા માટે ધક્કા ખાવા પડે છે. જેને પગલે કર્મચારીઓમાં આક્રોશ જોવા મળે છે.ત્યારે કેટલાક નિવૃત કર્મચારીઓ અને પેન્શન વિભાગમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ વચ્ચે બોલાચાલી દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ત્યારે નિવૃત કર્મચારીઓના ધસારાને પગલે તાજેતરમાં ૧૦ ટોકનને સ્થાને ૨૫ ટોકન કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. ત્યારે પેન્શન વિભાગ દ્વારા નિવૃત કર્મચારીઓની જરુરી કાર્યવાહી ઝડપી પુરી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# સે-૨૧ હવેલી ખાતે હિંડોળા દર્શન

ગાંધીનગર, તા.૧૩

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૧૪ જુલાઈના રોજ સુરંગના હિંડોળા યોજાશે. સુરંગના હિંડોળાના દર્શનનો સમય સાંજે ૫ થી ૫.૩૦ કલાકનો રહેશે.



સમગ્ર ગુજરાત રાજ્ય માં ભારે વરસાદ પડી રહ્યો છે ત્યારે આ રૂતુ માં અતિશય મોટા થઈ ગયેલા ઝાડ થી જોખમ ઉભું થાય છે,ત્યારે ગાંધીનગર માં વન વિભાગ તથા ગાંધીનગર મહાનગર પાલિકા ની બગાયત શાખા ના સંયુક્ત અભિયાન થઈ રોડ નં.-૩,પથિકાશ્રમ થી વાવોલ રોડ પર આવેલા પારિજાત એપાર્ટમેન્ટ નજીક ૧૦ જેટલા મોટા તોતીંગ ઝાડ ને ટ્રીમીંગ કરી માર્ગ ખુલ્લો કરવાની સુંદર કામગીરી કરાઈ છે.વસાહતીઓ એ પણ ખુશી નો લાગણી વ્યક્ત કર્યો હતો.

# લવારપુર બીએસએનએલ બેટરી ચોરીનો ભેદ ઉકેલાયો : એકની ધરપકડ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક લવારપુર બીએસએનએલ ટેલીફોન એક્ષચેન્જમાંથી ત્રણ માસ અગાઉ અને તાજેતરમાં તાળુ તોડી અંદર પ્રવેશ કરી બેટરીઓની ચોરી કરી હતી. ત્યારે ડભોડા પોલીસે બેટરીઓ વેચવા જતા એક શખ્સને પાલજ પાસેથી દબોચી લઈ બંન્ને ચોરીનો ભેદ ઉકેલી રૂ.૧૬,૮૦૦ ની કિંમતની ૨૪ બેટરીઓ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લવારપુર ગામની સીમમાં બીએસએનએલ એક્ષચેન્જ કર્મચારી વિનાનું આવેલુ છે. આ બીએસએનએલ ટેલીફોન એક્ષચેન્જમાંથી આજથી ત્રણ માસ અગાઉ એચ.બી.એલ. પાવર સિસ્ટમ લિમીટેડની ૪૦૦ એ.એચ.ની કુલ નંગ-૨૪ સેલ બેટરીઓ કિં. રૂ.૧૬,૮૦૦ની ચોરી થઈ હતી. લવારપુર બીએસએનએલ એક્ષચેન્જની આ ચોરીનો ભેદ ઉકેલાયો ન હતો.

ત્યારે બે દિવસ પહેલા બીજીવાર તે એક્ષચેન્જમાંથી એચ.બી.એલ. કંપનીની વરલા પાવર સિસ્ટમ લિમિટેડની ૨૦૦ એમપીએલની કુલ નંગ-૨૪ બેટરીઓ કિં.૧૬,૮૦૦ ની કોઈ શખ્સ ચોરી કરી ગયો હતો. ત્યારે સરકારી બીએસએનએલ એક્ષચેન્જમાંથી ત્રણ માસમાં ઉપરા ઉપરી ચોરી થઈ હતી. જેને પગલે ડભોડા પોલીસ મથકના પોલીસ જવાનોએ જરુરી પેટ્રોલીંગ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સોર્સ ટીમ વર્કથી ભેદ શોધવા માટે તે દિશામાં કાર્યરત હતા. પોલીસ મથકના એએસઆઈ વેલજીભાઈ, હે.કો. અશ્વિનભાઈ, વિપુલકુમાર, આશિષકુમાર, અજમેરસિંહ અને ભારતસિંહ પેટ્રોલીંગમા હતા. તે સમયે હે.કો.વિપુલકુમારને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીનો માલ બાઈક પર ભરાવી પાલજ બ્રિજ થી પસાર થઈને અમદાવાદ વેચવા માટે જઈ રહ્યો છે. જેથી પોલીસે પાલજ બ્રિજ પર વોચ ગોઠવી હતી. બાતમી હકીકતવાળો શખ્સ આવતા તેને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સનું નામ પુછતા યુવકે ગણેશ બાલુરામજી જગુરામજી ગુર્જર (ઉ.૨૬,ધંધો-મજુરી મુળ રહે. ધુવાલા ગામ, થાના-કરેડા જી-ભીલવાડા રાજસ્થાન, હાલ રહે- ચિલોડા ગામ સેતુ કોમ્પ્લેક્ષની બાજુમાં ઈશ્વરલાલ વન્નારામ ગુર્જરના રહેણાંક મકાનમાં તા.જી. ગાંધીનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈક પર લગાવેલી પ્લાસ્ટીકની થેલી ચેક કરતા કુલ નંગ-૯ બેટરીઓ હતી. તે બેટરીઓ એચબીએલ કંપનીની હતી. જે બેટરીઓ અંગે પુછપરછ કરતા લવારપુર ટેલીફોન એક્ષચેન્જમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે પોલીસે તપાસ દરમિયાન અન્ય બેટરીઓ પણ રીકવર કરાઈ હતી.

લવારપુર એક્ષચેન્જમાંથી ચોરી થયેલી બંન્ને બેટરી ચોરીનો ભેદ ઉકેલી દઈ પોલીસે એક શખ્સની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે અન્ય વોન્ટેડ આરોપીઓમાં નારાયણ બાલુજી ગુર્જર અને ઈશ્વરલાલ વન્નારામ ગુર્જર છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો મોડી ચાલુ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. રાત્રે ૮ વાગે લાઈટો ચાલુ થાય છે જ્યારે અંધારૂ ૬ વાગે થઈ જાય છે.

● ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની પુંધરા પી.એચ.સી.માં થઈ રહેલ સંસ્થાકીય પ્રસુતિની કામગીરીને વિભાગીય આરોગ્ય નિયામકે આજે વિડીયો કોન્ફરન્સમાં વખાણી હતી પરંતુ નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટની ધીમી કામગીરી અંગે ટકોર પણ કરી હતી.

● ગાંધીનગરમાં વરસાદી પાણી ભરાઈ રહેવાથી મચ્છરોની ડેન્સીટીમાં વધારો થયો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલની સ્વચ્છતા વધુ વિવાદમાં ઘેરાતી જાય છે, પાર્કિંગમાં જાંબુનો કચરો, ગટર ઉભરાવવાની તેમજ આડેધડ કચરો એક ખૂણામાં પડી રહેવાની વાતોએ સંકુલની ઈમેજને ધબ્બો લગાડ્યો છે.

● કોલવડામાં આજે પહોંચેલી વંદે ગુજરાત વિકાસ યાત્રામાં લોકો મા કાર્ડ તેમજ અન્ય સેવાઓ લેવા પહોંચ્યા હતા.

● દહેગામના કંથારપુર પાસે ટ્રેક્ટર નદીના પાણીમાં ગરકાવ થઈ જતાં તેને દોરડાથી બહાર ખેંચી કાઢવુ પડ્યું હતું.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરામાં વ્યાજખોરે સમયસર વ્યાજ અને પેનલ્ટી ન ચૂકવતાં માર માર્યો હોવાની ઘટના અંગે પોલીસ ફરિયાદ થઈ છે.

● પહેલા વરસાદે જ દહેગામ-બાયડ રોડ પર ભ્રષ્ટાચાર ખુલ્લો પડ્યો છે અને માર્ગ પર ઠેર ઠેર ગાબડા પડ્યા છે.

● મંદિરોમાં આજથી જુદા જુદા હિંડોળાત્સવનો પ્રારંભ થશે.

● શહેર-જિલ્લામાં આજે ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

● સે. ૭-એ વસાહત મંડળ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ છે.

● પ્રયાસ સંસ્થા દ્વારા ફતેપુરાની ધો. ૧ થી ૮ શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અપાઈ હતી.

# લાયોનેસ ક્લબ ગાંધીનગર તરફથી ગૌરીવ્રત નિમિત્તે સુકામેવાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

લાયોનેસ ક્લબ ગાંધીનગરના પ્રમુખ પ્રિતીબેન શર્મા અને સેક્રેટરી વિમળાબેન અયાચીના નેઝા હેઠળ લાયોનેસ ક્લબ તરફથી ગૌરીવ્રત નિમિત્તે ૧૨ જુલાઈને મંગળવારના રોજ સેક્ટર-૧૬ અંધશાળા ગાંધીનગર અને સેક્ટર-૧૬ સરકારી પ્રાથમિક શાળાની બાલિકાઓને ગૌરીવ્રત નિમિત્તે સુકા મેવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાલિકાઓને ભાનુબેન ઠક્કર તરફથી મેંહદીના કોન, ચાંદલા અને બટરફલાયની કીટ આપી બાલિકાઓને ગીતો ગવડાવી ઉત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં લાયોનેસના પાસ્ટ પ્રેસીડન્ટ મિતલબેન રાણા, નિતાબેન રાણા, લાયોનેસ ક્લબની બહેનો અને સ્કૂલના પ્રિન્સિપાલ અરૂણભાઈ પટેલ તેમજ શાળાના શિક્ષકગણ પણ સાથે જોડાઈ સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો અને વ્હાલી દિકરીઓને વ્રત ફળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.





અષાઢ મહિનાની શરૂઆત નાની બાળાઓના ગૌરીવ્રતથી થઈ ગઈ છે. કહેવાય છે કે દિકરીમાં બાલ્યાવસ્થાથી જ નારી તરીકેના ગુણો આવતા જાય છે. ગાંધીનગરની બાળા અદિતિબા મનવરસિંહ રાઠોડ ગૌરીવ્રત કરી પોતાની આગાવી શૈલીમાં જોવા મળી હતી.

# શહેરના માર્ગ પર શંકાશીલ પતિ પુત્ર-પત્નિને અડધી રાત્રે ઉતારી જતો રહ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં એક પરિણિતા નિઃસહાય જોવા મળી હતી. સાબરકાંઠાના તલોદ ખાતે રહેતી આ પરિણિતાનો પતિ ચારીત્ર્ય પર શંકા રાખીને રાત્રીના સમયે શહેરના ખ માર્ગ પર સેકટર-૨૫ પાસે વરસતા વરસાદમાં પુત્ર-પત્નિને ઉતારી જતો રહ્યો હતો. નગરના જાહેરમાર્ગ પર અડધી રાત્રે પરિણિતા તેના બે વર્ષના બાળકને લઈ મદદની રાહ જોઈ રહી હતી. ત્યારે જાગૃતિ નાગરીકે અભયમની ટીમને જાણ કરતા ટીમે આવીને કાઉન્સેલીંગ કરી પરિણિતાને આશ્રય સ્થાને મોકલી આપી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તલોદની ફેકટરીના માલિક સાથે બહુચરાજીની યુવતિના ચાર વર્ષ અગાઉ લગ્ન થયા હતા. પરિણિતાનો પતિ સુખી-સંપન્ન પરિવારનો હોવાથી તમામ ઈચ્છાઓ પુરી કરતો હતો. આ દરમિયાન પરિણિતાએ પુત્રને જન્મ આપ્યો હતો. દિકરાના જન્મ બાદ સુખી લગ્નજીવનમાં કોઈ વ્યકિતની નજર લાગી હોય તેમ અચાનક પતિનો સ્વભાવ શંકાશીલ બન્યો હતો.જેને પગલે દંપતિ વચ્ચે નાની નાની બાબતે ઝઘડા થતા હતા.લગ્નના ચાર વર્ષ બાદ પણ પતિ તેની પત્ની મોબાઈલ પર આખો દિવસ પ્રેમી સાથે વાત કરતી હોવાની શંકા રાખી ત્રાસ આપતો હતો. છેલ્લા કેટલાક સમયથી પતિના શંકાશીલ સ્વભાવથી કંટાળી પરિણિતા ૬ માસથી તેના પિયર બહુચરાજી રહેવા માટે ચાલી ગઈ હતી. તાજેતરમાં પિયર-સાસરી પક્ષના આગેવાનો એકઠા થઈને દંપિત વચ્ચે સમાધાન કરાવ્યું હતું. પત્નિ અને પુત્ર લાંબા સમય બાદ તલોદ ઘરે આવ્યા હતા. તેમ છતા હરખના સ્થાને પતિ તેની પત્નિ પર શંકા રાખી ગમે તેમ બોલી રહ્યો હતો.ત્યારબાદ પરિણિતાને ગાંધીનગર અડધી રાત્રે છોડીને જતો રહ્યો હતો. શહેરમાં વરસતા વરસાદ વચ્ચે રાત્રીના સમયે પરિણિતાને જોઈ જાગૃત નાગરીકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ને જાણ કરી હતી. જેથી ૧૮૧ ની ટીમ તાત્કાલીક પરિણિતા પાસે પહોંચી ગઈ હતી. મહિલાને સાંત્વના આપી વાત કરતા તેણીએ પોતાની આપવિતી જણાવી હતી. ત્યારબાદ પરિણિતાને સાસરીમાં જવુ ન હોવાથી બહુચરાજી તેના પિયરમાં ફોન કરી જાણ કરાઈ હતી. ત્યારબાદ અભયમ ટીમે મહિલાને આશ્રય સ્થાને મોકલી આપી હતી.

# આશ્રમશાળામાં વિવિધ વસ્તુનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

શામળાજી વિસ્તારની ભવાનપુર ૧, ૨ પ્રાથમિક શાળા તેમજ ભેટાલી આશ્રમ શાળા ૧ અને ૨ માં શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ વસ્તુનુ વિતરણ કર્યુ હતુ. દફતર, નોટબુક, કંપાસ, પેન્સીલ તથા ચોપડા ૧૯૨ વિદ્યાર્થીને આપવામાં આવ્યા. મિલિન્દભાઈ, મહર્ષિ, વિપુલ તથા ગામેતીભાઈ આ કાર્યમાં સાથે હતા.





મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ વસ્તી સપ્તાહ અંતર્ગત આજરોજ મુખ્ય વક્તા ડૉ. દિવ્યેશ ભટ્ટે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અને ઉદ્દેશો વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં યુવાનોની ભૂમિકા સમજાવતા વક્તા ભટ્ટે જણાવ્યું હતું કે આ ઉજવણી પાછળનો મુળ ઉદ્દેશ યુવાનને પરિવાર આયોજન જાતીય સમાનતા પર્યાવરણીય અસરો અને શહેરીકરણ અને માનવ અધિકાર જેવા સંવેદનશીલ મુદ્દાઓ વિશે જાગૃત કરવાનો હોય છે. અને આભારદર્શન બળદેવભાઈ મોરીએ કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ કર્યુ હતું. માર્ગદર્શન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલનું સતત રહ્યું હતું.

નર્તન ડાન્સ એકેડેમી માં તારીખ ૧૧.૦૭.૨૨ના રોજ સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં પ્રમુખ પ્રતિભાબેન દવે, મહામંત્રી અલ્પા બેન ગોર તેમજ કમિટી મેમ્બર માં સાંતા બેન મજુમુદાર તથા આરતી બેન દવે હાજર રહ્યા હતા. આ પ્રસંગે શાબ્દિક પ્રવચન પ્રતિભાબેન દવે દ્વારા આપવામાં આવ્યું હતું.



આ મહેંદી સ્પર્ધાના વિજેતાઓ પ્રથમ નંબર અમિષા સાધુ, દ્વિતીય નંબરે સાંવિ ઠાકુર, તૃતીય નંબર નીરવી પટેલ, ચોથા નંબરે હેવા સોનેજી, પાંચમા નંબરે જલ અંબાસના, છઠા નંબર ધીમહિ દવે વિજેતા થયા હતા. ૩૦ વર્ષ થી ઉપરનામાં પ્રથમ ક્રમાંકે પ્રીતિ બેન પ્રસાદ અને આ સમગ્ર સ્પર્ધાના ઈનામો ભાનુબેન તરફથી આપવામાં આવ્યા હતા કુલ ૧૫ થી ૨૦ બહેનોએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમની વ્યસ્થા નર્તન ડાંસ એકેડેમીના સંચાલક હાર્દિકા શુક્લા અને મયંક ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી તથા ગુરૂપૂર્ણિમા નિમિતે કાર્યક્રમ યોજાયો હતો.આભાર વિધિ આરતીબેન દ્વારા કરવામાં આવી હતી.

